તારીખ 06-10-2024
સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 06-10-2024 બપોરે : 1.20થી 1.30
વાર : રવિવાર નેશનલ (ન્યૂઝ)

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

---

1. માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ આજથી 5 દિવસની ભારતની મુલાકાતે.
2. મુંબઇના ચેમ્બરમાં વહેલી સવારે એક મકાનમાં આગ લાગતા એક જ પરિવારના સાતના મોત.
3. લેબેનોન પર ઇઝરાયેલે કરેલા હુમલામાં 20થી વધુના મોત - ઇઝરાયેલ અને ગાઝા વચ્ચેના યુદ્ધને એક વર્ષ પૂર્ણ થતા અનેક દેશોમાં રેલીઓ યોજાઈ.
4. ભારતીય વાયુસેના દ્વારા ચૈન્નાઇના મરિના બીચ ખાતે એર શોમાં દિલધડક કરતબો રજૂ થયા.
5. આજે ગ્વાલિયરમાં ભારત બાંગ્લાદેશ સામેની પ્રથમ T-20 ક્રિકટે મેચ - મહિલા T-20 ક્રિકેટ વિશ્વ કપમાં આજે ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થશે.

..........................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

તારીખ 06-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# REV.-MALDIVES- President

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ આજે પાંચ દિવસની ભારતની મુલાકાતે નવી દિલ્હી પહોંચી રહ્યા છે.

તેઓ પરસ્પર હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીને મળશે. શ્રી મુઈઝુ બેંગલુરુ અને મુંબઈમાં વેપારને લગતા કાર્યક્રમમાં પણ ભાગ લેશે. પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીની પાડોશી પહેલો નીતિ માટે માલદીવ હિંદ મહાસાગરમાં મહત્વનો દેશ છે. સાગર કાર્યક્રમ હિંદ મહાસાગર ક્ષેત્રની સુરક્ષા અને સમૃદ્ધિ માટે રચાયેલ છે. વિદેશ મંત્રી તાજેતરમાં માલદીવની મુલાકાતે ગયા હતા.

શ્રી મુઇઝુની ભારત મુલાકાતથી બંને દેશો વચ્ચેના સહકારને વેગ મળે તેવી શક્યતા છે. શ્રી મુઈઝુ આ વર્ષે જૂનમાં પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારોહમાં પણ હાજર હતા.

# MUMBAI FIRE

મુંબઈના ચેમ્બુરમાં આજે એક ઘરમાં આગ લાગવાથી એક જ પરિવારના 7 લોકોના મોત થયા હતા. સિદ્ધાર્થ નગરમાં વહેલી સવારે ઘરમાં આગને કારણે 3 નાના બાળકો અને બે પુરૂષો અને બે મહિલાઓના મોત થયા છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ચાર ગાડીઓ ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, આજે સવારે લગભગ 4.30 વાગ્યે ચેમ્બુરના સિદ્ધાર્થ નગર સ્થિત એક મકાનમાં આગ લાગી હતી.

આગના સમયે ઘરના તમામ સભ્યો ગાઢ ઊંઘમાં હતા. પરંતુ ઘરમાં આગ લાગતાની સાથે જ તમામ સભ્યોએ પોતાને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ

આગની જ્વાળામાંથી બહાર આવી શક્યા ન હતા. પોલીસ મૃતકની ઓળખ કરવાનો પણ પ્રયાસ કરી રહી છે.

# WB DOCTOR HUNGER STRIKE

પશ્ચિમ બંગાળમાં, આર જી કર મેડિકલ કોલેજમાં મહિલા તબીબ પર દુષ્કર્મ અને હત્યાના સંદર્ભમાં છ જુનિયર ડૉક્ટરોએ અનિશ્ચિત સમયની ભૂખ હડતાળ શરૂ કરી છે. આ ડોકટરોએ કહ્યું છે કે, તેઓ દર્દીઓની સારવાર ચાલુ રાખશે અને સાથે સાથે અનિશ્ચિત સમયની ભૂખ હડતાળ પર પણ જશે. તબીબોનો આક્ષેપ છે કે, રાજ્ય સરકાર તેમની દસ મુદ્દાની માંગણીઓ પર કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહી છે.

આ દરમિયાન રાજ્યના 24 પરગણા જિલ્લાના જયનગરમાં બેરકપોર અદાલતે ચોથા ધોરણની વિદ્યાર્થિની પર દુષ્કર્મ અને હત્યાના કેસમાં આરોપી મુસ્તાકિન સરદારની પોલીસ કસ્ટડીમાં સાત દિવસનો વધારો કર્યો છે.

# HARYANA-POLL-PERCENTAGE

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે ગઈકાલે સરેરાશ 67 ટકા મતદાન થયું હતું. રાજ્ય વિધાનસભાની તમામ 90 બેઠકો માટે એક જ તબક્કામાં યોજાયેલ મતદાન મોટાભાગે શાંતિપૂર્ણ રહ્યું હતું.

100 વર્ષથી ઉપરના ઘણા લોકોએ પણ ઉત્સાહભેર મતદાનમાં ભાગ લીધો હતો. આ ચૂંટણીમાં પ્રથમ વખત વિકલાંગ વ્યક્તિઓ અને 85 વર્ષથી વધુ વયના નાગરિકોને ઘરે બેઠા મતદાન કરવાની સુવિધા આપવામાં આવી હતી.

# ISRAEL-LEBANON

લેબનોનમાં ગઈ કાલે ઈઝરાયેલના હુમલામાં 20થી વધુ લોકો માર્યા ગયા હતા. ઇઝરાયેલે હુમલાઓ વધારીને પ્રથમ વખત ઉત્તરી લેબનોનમાં પેલેસ્ટિનિયન

શરણાર્થી શિબિર પર બોમ્બમારો કર્યો, જેમાં હિઝબોલ્લાહ અને હમાસ લડવૈયાઓ બંનેને નિશાન બનાવ્યા. પેલેસ્ટિનિયન શરણાર્થીઓ સહિત હજારો લોકો આ ક્ષેત્રમાં વધતા સંઘર્ષ વચ્ચે લેબનોન છોડીને ભાગી રહ્યા છે.

દરમિયાન, ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને ગઈકાલે ગાઝામાં ઉપયોગ માટે ઈઝરાયેલને શસ્ત્રોનો પુરવઠો અટકાવવાની હાકલ કરી હતી. ઈઝરાયેલના પ્રધાનમંત્રી  બેન્જામિન નેતન્યાહુ તરફથી આકરી પ્રતિક્રિયા આપવામાં આવી હતી.

મેક્રોને લેબનોનમાં ગ્રાઉન્ડ ઓપરેશનમાં સૈનિકો મોકલવાના નેતન્યાહુના નિર્ણયની પણ ટીકા કરી હતી. આ દરમિયાન, ગાઝામાં યુદ્ધને એક વર્ષ થતાં વિશ્વના અનેક દેશોમાં રેલીઓ યોજાઈ હતી.

# IAF - AIRSHOW

ભારતીય વાયુસેનાની ૯૨મી વર્ષગાંઠની ઉજવણી ચેન્નાઈ ખાતે 72 ફાઈટર જેટ અને હેલિકોપ્ટરના ભવ્ય પ્રદર્શન સાથે શરૂ થઈ. 21 વર્ષ પછી આયોજિત આ શોએ લાખો દર્શકોને આકર્ષિત કર્યા. ભારતીય વાયુસેનાના લડવૈયા ચેતક, રાફેલ, ડાકોટા, હાર્વર્ડ, એમઆઈજી, જગુઆર પાંડિયન, સારંગ, સુર્યા કિરણ, નીલગીરી, કાર્તિકેય, ધનુષ,  નામની રચનાઓ સાથે પોતાની શક્તિનું પ્રદર્શન કરી રહ્યા છે.

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિન, નાયબ મુખ્યમંત્રી ઉધયનિધિ સ્ટાલિન સહિત  સંરક્ષણ દળોના ઉચ્ચ અધિકારીઓ હાજર રહેશે.  શહેરભરમાં 8 હજારથી વધુ પોલીસ ફરજ સાથે સુરક્ષા સઘન બનાવવામાં આવી છે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ

સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## Navratri FOURTH DAY

નવલાં નોરતાંનો આજે ચોથો દિવસ છે. આજે માતાજીના કુષ્માંડા સ્વરૂપની પૂજા થાય છે. મા કુષ્માંડાના મધુર હાસ્યથી બ્રહ્માંડની ઉત્પતિ થઇ છે. મા ના સ્વરૂપને આઠ ભૂજાઓ છે તેમના હાથમાં કમંડળ, ધનુષ્યબાણ, કમળનું ફૂલ, અમૃત, કળશ, ચક્ર, ગદા છે આ સિદ્ધિ પ્રદાન કરનાર માતા છે. તેમનું વાહન સિંહ છે. મા ની આરાધનાથી આયુષ્ય અને આરોગ્યની વૃદ્ધિ થાય છે.

આજના ચૌથા નવરાત્રીના દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુષ્માંડા માતાજીની પૂજા-અર્ચના કરી.

પ્રધાનમંત્રીએ તેમના સોશિયલ મિડિયા એકાઉન્ટ- X પર પોસ્ટ કર્યું:

“નવરાત્રીના ચોથા દિવસે દેવી કુષ્માંડાના ચરણમાં વંદન! માતાજીની કૃપાથી સૌ કોઈનું જીવન આયુષ્માન બને, તેવી જ પ્રાર્થના છે.

## INDIA T-20

ભારત આજે ગ્વાલિયરમાં ત્રણ મેચની શ્રેણીની પ્રથમ T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં બાંગ્લાદેશ સામે ટકરાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. સુકાની સૂર્યકુમાર યાદવ અને હાર્દિક પંડ્યા ટીમમાં બે ટાચના ખેલાડીઓ છે.

આ દરમિયાન શુભમન ગિલ, ઋષભ પંત, યશસ્વી જયસ્વાલ, મોહમ્મદ સિરાજ અને અક્ષર પટેલને આરામ આપવામાં આવ્યો છે. ભારતીય ટીમ પહેલી મેચમાં જ જીતના વિશ્વાસ સાથે ઉતરશે જોકે બાંગ્લાદેશની ટીમ પણ ભારતને ટક્કર આપશે.

## IND-PAK-WOMEN-T20

તારીખ 06-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

મહિલા T20 ક્રિકેટ વિશ્વ કપમાં આજે ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થશે. આ મેચ દુબઈમાં બપોરે 3.30 કલાકે શરૂ થશે. શુક્રવારે ભારતીય ટીમ તેની પ્રથમ મેચ ન્યૂઝીલેન્ડ સામે હારી ગઈ હતી.

આ દરમિયાન પાકિસ્તાને તેની પ્રથમ મેચમાં શ્રીલંકાને હરાવ્યું છે. આકાશવાણી પરથી મેચનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. અન્ય મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સાંજે 7.30 વાગ્યે સ્કોટલેન્ડ સામે ટકરાશે.

# IMD-RAIN

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે, ઉત્તરપૂર્વીય અને દક્ષિણ દ્વીપકલ્પના ભાગોમાં હળવા વરસાદની સંભાવના છે. હાલ ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને પશ્ચિમ વિસ્તારોમાં વરસાદની કોઈ શક્યતા નથી.

અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે, રાયલસીમા, તટીય અને કર્ણાટકના દક્ષિણ આંતરિક ભાગોમાં આગામી 2-3 દિવસ સુધી છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ થઈ શકે છે. આજે પશ્ચિમ બંગાળ, સિક્કિમ, બિહાર, ઝારખંડ, કોંકણ, ગોવા, મરાઠવાડા, તમિલનાડુ અને પુડુચેરીમાં કેટલાક સ્થળોએ આંધી અને વીજળી પડવાની સંભાવના છે.

# Dehradun Army & SDRFA

સૈન્ય અને એસડીઆરએફએ દહેરાદૂનના ચૌખંભા શિખર પર ફસાયેલા વિદેશી પર્વતારોહકોને બચાવ્યા છે. ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના ચૌખંભા-તીન પર્વતની 6 હજાર 15 મીટરની ઊંચાઈએ ફસાયેલા વિદેશી પર્વતારોહકોને, આખરે રવિવારે રેસ્ક્યૂ ટીમે શોધી કાઢ્યા હતા અને સેનાએ તેમને હેલિકોપ્ટર દ્વારા સુરક્ષિત રીતે જોશીમઠ પહોંચાડ્યા હતા.

તારીખ 06-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

બે પર્વતારોહકો 11 સપ્ટેમ્બરથી 18 ઓક્ટોબર સુધી ચૌખંભા-તીન પર્વત પર પર્વતારોહણ કરવા જઈ રહ્યા હતા, પરંતુ કેટલીક મુશ્કેલીઓને કારણે રસ્તામાં જ અટવાઈ ગયા હતા.અમેરિકાના વિદેશી મહિલા પર્વતારોહક મિશેલ થેરેસા અને બ્રિટનના ફૈજેન મેનર્સ, રસોઈયા અને કુલી સાથે ચમોલી જિલ્લાના ચૌખંભા-તીન પર્વતની 7 હજાર 974 મીટરની ઊંચાઈએ, ઇન્ડિયન માઉન્ટેનિયરિંગ ફાઉન્ડેશનના પર્વતારોહણ માટે ગયા હતા.

# AMIT-SHAH-MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી  અમિત શાહ આવતીકાલે ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત રાજ્યોમાં સુરક્ષા અને વિકાસની સમીક્ષા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરશે. નવી દિલ્હીમાં યોજાનારી આ બેઠકમાં ગૃહ મંત્રાલય અને સુરક્ષા એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજરી આપશે.